# 2 લોકશાહીના પાયાનાં મૂલ્યો

S7A6T4

આ પ્રકરણમાં આપણે લોકશાહીના પાયાનાં મૂલ્યો જેવાં કે સ્વતંત્રતા, સમાનતા અને સામાજિક ન્યાય જેવાં મૂલ્યોનો અભ્યાસ કરીશું.

મનુષ્યના સમૂહજીવનના પ્રારંભ સાથે વ્યવસ્થાના કેટલાક પ્રશ્નો ઉદ્ભવ્યા. આ પ્રશ્નોના ઉકેલ માટે સમાજની અન્ય સંસ્થાઓની જેમ રાજ્યસંસ્થાનો ઉદ્ભવ અને વિકાસ થયો. રાજ્યનાં ચાર આવશ્યક ઘટક તત્ત્વો વસ્તી, વિસ્તાર, સરકાર, અને સાર્વભૌમત્વ છે. તેમાં સાર્વભૌમત્વ અતિ અગત્યનું તત્ત્વ છે. તે રાજ્યને નિર્ણય ઘડતરમાં આંતરિક રીતે સર્વોપરી અને બાહ્ય રીતે સ્વતંત્ર બનાવે છે. આ સાર્વભૌમત્વ મનુષ્યની સ્વતંત્રતા વત્તે-ઓછે અંશે નિયંત્રિત કરે છે. મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે, તેથી સ્વભાવે સ્વતંત્રતાને ઝંખનાર છે.

**સ્વતંત્રતાનો અર્થ :** સ્વતંત્રતાનો અર્થ સ્પષ્ટ કરવા માટે જુદા જુદા રાજ્યશાસ્ત્રીઓએ પ્રયત્નો કર્યા છે. સ્વતંત્રતાનો સામાન્ય અર્થ આપતાં કહી શકાય કે, સ્વતંત્રતા એટલે અન્ય કોઈને નુકસાન ન થાય તે રીતે વર્તન-વ્યવહાર કરવાની છૂટ. પ્રોફેસર લાસ્કીના શબ્દોમાં જોઈએ તો 'સ્વતંત્રતાનો અર્થ એવા વાતાવરણની સ્થાપના છે, જેમાં મનુષ્યોને પોતાના પૂર્ણ વિકાસની તકો પ્રાપ્ત થાય છે.' આમ સ્વતંત્રતા એક પ્રકારનું વાતાવરણ છે, તે વિધેયાત્મક શક્તિ છે કે જે વ્યક્તિને તેના વિકાસની તકો પૂરી પાડે છે. તે વ્યક્તિને તેની મરજી પ્રમાણે વર્તવાની છૂટ આપે છે. પરંતુ તેનો અર્થ સ્વચ્છંદતા નથી. સમાજના સભ્ય તરીકે અને રાજ્યના નાગરિક તરીકે તે સ્વચ્છંદપણે વર્તી શકે નહિ. આમ, કેટલીક મર્યાદામાં રહીને વર્તન કરવાની છૂટને આપણે સ્વતંત્રતા કહી શકીએ.

**સ્વતંત્રતા (નકારાત્મક અને હકારાત્મક)**

રાજ્યશાસ્ત્રીઓએ સ્વતંત્રતાનાં બે પાસાં ગણાવ્યાં છે : (અ) નકારાત્મક અને (બ) હકારાત્મક.

**(અ) નકારાત્મક સ્વતંત્રતા :** કેટલાક અભ્યાસીઓનું માનવું છે કે વ્યક્તિના જીવનનાં બે પાસાં છે. પ્રથમ વ્યક્તિનું અંગત કે ખાનગી જીવન. આ જીવનમાં રાજ્યે કોઈ દખલગીરી કરવી જોઈએ નહિ. કારણ કે વ્યક્તિના અંગત જીવનથી બીજાને હાનિ થતી નથી.

પરંતુ વ્યક્તિના જીવનનું બીજું પાસું એ તેનું જાહેરજીવન છે, એટલે કે વ્યક્તિનું જાહેર વર્તન બીજી વ્યક્તિઓની સ્વતંત્રતાનો ભંગ કરતું હોય તો રાજ્ય વ્યક્તિના આવા વર્તનને નિયંત્રિત કરી શકે છે.

**(બ) હકારાત્મક સ્વતંત્રતા :** સ્વતંત્રતાના હકારાત્મક પાસાનો વિચાર કરતાં જણાય છે કે એક મનુષ્ય તરીકે જે કરવા જેવું છે તે કરવાની તેને મોકળાશ હોય એ જરૂરી છે. એટલે કે, વ્યક્તિ જીવનમાં વિવિધ આનંદ માણી શકે. તે પોતાનું જીવન હર્યું-ભર્યું બનાવી શકે, અને તેમ કરવાની અનુકૂળતા હોય એ જરૂરી છે. ટૂંકમાં, વ્યક્તિના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસને પોષતી સ્વતંત્રતા એ હકારાત્મક સ્વતંત્રતા છે.

**સ્વતંત્રતાના પ્રકાર**

સ્વતંત્રતાના અર્થને વધુ સારી રીતે સમજવા માટે તેના પ્રકારોની સમજૂતી મેળવવી જરૂરી છે. જે નીચે પ્રમાણે છે :

**(1) કુદરતી સ્વતંત્રતા :** કુદરતી સ્વતંત્રતાનો અર્થ એ છે કે મનુષ્ય જન્મથી સ્વતંત્રતાનો હક ધરાવે છે. જહૉન લૉક અને રૂસો જેવા ચિંતકોએ તેમના સામાજિક કરારના સિદ્ધાંતમાં કુદરતી અવસ્થા સમજાવી છે. તેમના મતે આ કુદરતી અવસ્થામાં વ્યક્તિ સ્વતંત્રતાનો હક ધરાવતી હતી. આમ મનુષ્ય કુદરતી રીતે જ એટલે કે જન્મ - સમયથી જ સ્વતંત્રતાનો હક ભોગવે છે. સમાજ કે રાજ્ય વ્યક્તિના હક છીનવી શકે નહિ તે બાબતને આ ખ્યાલે દૃઢ બનાવેલ છે.

**(2) નૈતિક સ્વતંત્રતા :** મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે, તેથી તેને સ્વ-વિવેકથી વર્તવાની કેટલીક સ્વતંત્રતા હોવી જોઈએ.

તેનાથી વ્યક્તિને સારા-નરસાનો નિર્ણય કરવાનો અધિકાર મળે છે. આ બાબતનું સમર્થન નીતિશાસ્ત્રીઓ, વ્યક્તિવાદીઓ અને અરાજ્યવાદીઓ કરે છે. આ ચિંતકોનું માનવું છે કે સમાજમાં અનૈતિક વ્યવહારોને રોકવાની, તેની સામે અવાજ ઉઠાવવાની વ્યક્તિને સ્વતંત્રતા હોવી જોઈએ.

**(3) સામાજિક અને નાગરિક સ્વતંત્રતા :** સમાજના સભ્ય તરીકે વ્યક્તિને અને રાજ્યના નાગરિક તરીકે તેને કેટલીક સ્વતંત્રતા હોય છે. અભ્યાસીઓએ આ સામાજિક અને નાગરિક સ્વતંત્રતાને ચાર પેટા વિભાગોમાં વહેંચી છે :

**(i) વૈયક્તિક અને નાગરિક સ્વતંત્રતા :** જહૉન સ્ટુઅર્ટ મિલ જેવા ચિંતકોનું માનવું છે કે વ્યક્તિને તેના અંગત જીવનમાં સ્વતંત્રતા મળવી જોઈએ. આ સ્વતંત્રતા પ્રમાણે વ્યક્તિએ કેવી રીતે રહેવું ? શું ખાવું ? શું પીવું ? કેવો પોશાક પહેરવો ? કયો ધર્મ પાળવો ? જેવી બાબતોમાં સ્વતંત્રતા મળવી જોઈએ. સમાજે કે રાજ્યે તેમાં દખલગીરી કરવી જોઈએ નહિ.

રાજ્યના સભ્ય તરીકે અને રાજ્યના કાયદાઓના રક્ષણ નીચે વ્યક્તિને નાગરિક સ્વતંત્રતા મળે છે. નાગરિક સ્વતંત્રતા વ્યક્તિને (ક) અન્ય નાગરિકોના અયોગ્ય વર્તાવ સામે રક્ષણ આપે છે. (ખ) તે સરકારના અન્યાયી પગલાઓથી રક્ષણ આપે છે. આ સ્વતંત્રતાઓ રાજ્ય સામે અપાયેલી હોય છે. આમ છતાં રાજ્ય જાહેર હિત માટે તેના ઉપર કેટલીક મર્યાદા મૂકી શકે છે. આ મર્યાદાઓ ગેરવાજબી હોય તો નાગરિક બંધારણીય ઇલાજોના હક દ્વારા અદાલતી સમીક્ષા અને સુરક્ષા માંગી શકે છે.

**(ii) રાજકીય સ્વતંત્રતા :** વ્યક્તિ જે રાજ્યમાં રહેતી હોય તે રાજ્યનાં શાસનસંબંધી કાર્યોમાં ભાગ લેવાની તક આપે છે. આવી જાહેર ભાગીદારીથી નાગરિક જાહેર નીતિના ઘડતર માટે, પોતાના વિચારો દ્વારા તેમાં વળાંક આપવા પ્રયત્ન કરી શકે છે. રાજકીય સ્વતંત્રતા લોકશાહીને મૂર્તિમંત કરે છે. આ સ્વતંત્રતામાં મત આપવાના, ચૂંટણીઓમાં ઉમેદવારી કરવાના, પોતાની પસંદગીના પક્ષ અને ઉમેદવારનો પ્રચાર કરવાના, સરકારનું સમર્થન કે વિરોધ કરવાના હકનો સમાવેશ થાય છે.

**(iii) આર્થિક સ્વતંત્રતા :** આર્થિક સ્વતંત્રતામાં વ્યક્તિને પોતાની તથા પોતાના કુટુંબની આર્થિક જરૂરિયાતો સંતોષવાની બાબતોનો સમાવેશ થાય છે. વ્યક્તિને કામ કરવાના, વાજબી વેતન મેળવવાના, મિલકત એકઠી કરવાના, તેના નિકાલના અને પોતાના વ્યવસાયના રક્ષણ માટે સંઘ રચવાના હકનો સમાવેશ થાય છે. આ આર્થિક સ્વતંત્રતા વિના રાજકીય અને નાગરિક સ્વતંત્રતા અર્થહીન બને છે.

**(iv) રાષ્ટ્રીય સ્વતંત્રતા :** પ્રત્યેક લોકસમૂહ ધર્મ, ભાષા, ભાવાત્મક એકતા જેવા વિવિધ કારણોસર એક રાષ્ટ્ર હોવાની લાગણી ધરાવે છે અને તેના સંચાલનની સ્વતંત્રતા હોય છે. આ સાથે જે રાષ્ટ્રો પરાધીન હોય છે તેને સ્વતંત્રતા માટેની લડત ચલાવવાનો હક હોય છે. તે સ્વતંત્રતા મેળવી રાષ્ટ્ર રાજ્ય બની શકે છે. વાસ્તવમાં આપણે આગળ જોઈ તે સ્વતંત્રતાઓ સ્વતંત્ર રાષ્ટ્ર-રાજ્યમાં જ પાંગરી શકે છે.

### સ્વતંત્રતા શા માટે જરૂરી છે ?

મનુષ્ય માટે સ્વતંત્રતા શા માટે જરૂરી છે ? તે અંગે ચિંતકોએ ઊંડું ચિંતન કર્યું છે. આ ચિંતકોના મતે સ્વતંત્રતા એ પરમ મૂલ્ય છે, તે સ્વયં એક ધ્યેય છે. સ્વતંત્રતામાં જ મનુષ્યને સુખ અને સંતોષ મળે છે. તેથી જ સ્વતંત્રતા માટે અનેક રાષ્ટ્રો વિદેશી શાસકો સામે સ્વાતંત્ર્ય સંગ્રામ લડ્યાં છે.

સ્વતંત્રતામાં જ વ્યક્તિના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. સત્યની શોધ માટે, વૈજ્ઞાનિક શોધખોળો માટે અને ન્યાયી સમાજની રચના માટે સ્વતંત્રતા હોવી જરૂરી છે.

### સ્વતંત્રતાનો સામાજિક અને રાજકીય ખ્યાલ

મનુષ્ય સમૂહજીવનથી ટેવાયેલો છે. સમૂહ કે સમાજ વિનાના મનુષ્યની સ્વતંત્રતાનો કોઈ અર્થ નથી. તેથી મનુષ્યે સમાજના સભ્ય તરીકે અને બીજા પણ સ્વતંત્રતા ભોગવી શકે તે માટે વાજબી ધોરણસરની અને મર્યાદા સહિતની સ્વતંત્રતા માણવાની હોય છે.

જ્યારે આપણે સ્વતંત્રતાના રાજકીય ખ્યાલનો વિચાર કરીએ છીએ ત્યારે જણાય છે કે, રાજ્યના સભ્ય તરીકે નાગરિકને રાજ્યની સામે કેટલીક સ્વતંત્રતા છે જેનું રક્ષણ પણ રાજ્ય જ કરે છે. તેથી જ રાજ્યના કાયદાઓની મર્યાદામાં રહીને નાગરિકે સ્વતંત્રતા ભોગવવાની છે.

### સ્વતંત્રતા અને કાયદા વચ્ચેનો સંબંધ

આપણે આગળ વિચારણા કરી તે પ્રમાણે મનુષ્ય સામાજિક પ્રાણી છે. સામાજિક જીવનમાં જ વ્યક્તિના સ્વાતંત્ર્યની સાર્થકતા સમાયેલી છે. સમૂહજીવન વ્યવસ્થા માંગે છે. આ વ્યવસ્થા માટે રાજ્યસંસ્થાનો ઉદ્ભવ અને વિકાસ થયો છે. રાજ્યે શાસન માટે કાયદાનો વિકાસ કર્યો છે. રાજ્યના સભ્ય તરીકે નાગરિકે કાયદાની મર્યાદામાં સ્વતંત્રતાનો ઉપભોગ કરવાનો હોય છે. કાયદાપાલનથી વ્યક્તિ પોતે સ્વતંત્રતા ભોગવી શકે છે અને બીજાને સ્વતંત્રતા ભોગવવા દઈ શકે છે.

રાજ્યના આ કાયદાની મર્યાદા સામે વ્યક્તિવાદીઓએ અવાજ ઉઠાવ્યો કે, રાજ્યે ઓછાંમાં ઓછાં નિયંત્રણો મૂકવા જોઈએ. રાજ્ય લોકસંમતિથી કાયદાઓ ઘડે તેવું વ્યક્તિવાદીઓ જણાવે છે. આમ, વ્યક્તિની સ્વતંત્રતાના રક્ષણ માટે અને તેના સંવર્ધન માટે વત્તે-ઓછે અંશે કાયદો અને વ્યવસ્થા જરૂરી છે, અને તે માટે રાજ્ય જરૂરી છે.

### સમાનતા

સ્વતંત્રતાની સાથે સમાનતાનો ખ્યાલ પણ લોકશાહી માટે મહત્ત્વનો છે. વિશ્વની મહાન ક્રાંતિઓ જેવી કે, ફ્રેન્ચ ક્રાંતિ, અમેરિકન સ્વાતંત્ર્યસંગ્રામ અને રશિયાની બોલ્શેવિક ક્રાંતિમાં સ્વતંત્રતાની સાથે સમાનતા ઉપર પણ ભાર મૂકેલો. ભારતના બંધારણમાં મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાનતાના હકને મહત્ત્વનું સ્થાન અપાયેલું છે.

### સમાનતાનો અર્થ

સમાનતાનો અર્થ સ્પષ્ટ કરવા માટે જુદા જુદા અભ્યાસીઓએ પ્રયત્ન કરેલો છે. પ્રોફેસર લાસ્કીના મતે, સમાનતાનો અર્થ એ છે કે કોઈ વિશેષ હકવાળા વર્ગ ન હોય અને તમામને વિકાસની યોગ્ય તકો પ્રાપ્ત થાય. સાદા શબ્દોમાં કહીએ તો સમાનતા એક એવી સ્થિતિ છે કે જેમાં સમાજમાં રહેતી પ્રત્યેક વ્યક્તિ તેનો ઉત્તમ વિકાસ સાધી શકે એ માટે જરૂરી કેટલીક પાયાની શરતો અથવા પરિસ્થિતિઓની ખાતરી આપવામાં આવે છે.'' સમાનતાની આ વ્યાખ્યાઓ ઉપરથી નીચેના મુદ્દા સ્પષ્ટ થાય છે :

(1) તમામ મનુષ્યોમાં કેટલુંક સરખાપણું છે, જેનાથી તે અન્ય પ્રાણીઓથી જુદો પડે છે. જેમકે; મનુષ્ય વિચારશીલ પ્રાણી છે.

(2) સમાનતાનો અર્થ એ પણ છે કે સૌને પોતાના વિકાસની સમાન તક મળે.

(3) સમાન સંજોગોમાં સૌની સાથે સમાન વ્યવહાર એ નિયમ ગણાવો જોઈએ. જોકે, તેનો અર્થ યાંત્રિક સમાનતા નથી. ટ્રેનમાં કે બસમાં સ્ત્રીઓ અને અપંગો માટે બેઠકની અલગ વ્યવસ્થા એ સમાનતાનો ભંગ નથી.

### હકારાત્મક અને નકારાત્મક સમાનતા

સમાનતાની વ્યાખ્યામાંથી હકારાત્મક અને નકારાત્મક - એમ તેનાં બે પાસાં ઊપસે છે. હકારાત્મક સમાનતા એ છે કે કોઈ પણ જાતના ભેદભાવ વિના વ્યક્તિને તેના વિકાસની સમાન તકો મળી રહે. હકારાત્મક સમાનતા ન્યાયના ખ્યાલની સાથે સુસંગત છે. જેમકે, ભારતના બંધારણમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને સરકારી નોકરીઓમાં અપાયેલ અનામતની વ્યવસ્થા એ હકારાત્મક સમાનતા છે.

જ્યારે નકારાત્મક સમાનતાનો અર્થ એ છે કે કેટલાક લોકોના હાથમાં જમીન અને સંપત્તિનું કેન્દ્રીકરણ રોકવા સરકાર નિષેધાત્મક કાયદા બનાવે છે. આવી નિષેધાત્મક વ્યવસ્થા સમાનતાનો ભંગ થતો અટકાવવા માટે હોય છે.

### સમાનતાના પ્રકાર

અભ્યાસીઓએ સમાનતાના આ પ્રમાણે પ્રકાર બતાવ્યા છે :

**(1) કુદરતી સમાનતા :** કુદરતે મનુષ્યોને સમાન બનાવ્યા છે. તેથી જાતિ, રંગ, જ્ઞાતિ, લિંગ, જન્મ કે ધર્મને આધારે તેમની વચ્ચે ભેદ પાડી શકાય નહિ, એવો કુદરતી સમાનતાનો અર્થ છે. રાજકીય ચિંતક એવા હોબ્ઝ, લૉક અને રૂસોએ કુદરતી સમાનતાના ખ્યાલનું ભારે સમર્થન કર્યું હતું.

કુદરતી સમાનતાનો અર્થ એ નથી કે મનુષ્ય-મનુષ્ય વચ્ચે કોઈ તફાવત નથી, પરંતુ આ કુદરતી તફાવતો સામાજિક ભેદભાવનો આધાર બનવા જોઈએ નહિ. જેમકે, સ્ત્રી-પુરુષ

**(2) સામાજિક સમાનતા :** સમાજના સભ્ય તરીકે તમામ મનુષ્યોને કેટલાક પાયાના હકો સમાનપણે મળે છે. એવો સામાજિક સમાનતાનો અર્થ છે. સામાજિક સમાનતા સ્થાપવા ભારતના બંધારણે અસ્પૃશ્યતાવાળું વર્તન દાખવવું એને ગુનો ગણ્યો છે. અમેરિકામાં ગુલામીની પ્રથા કાયદેસર રીતે નાબૂદ કરી અશ્વેત લોકોને સમાનતાનો હક અપાયો છે. વિશ્વના મોટા ભાગના દેશોમાં સ્ત્રીઓને લાંબી લડતને અંતે સમાનતાનો હક મળ્યો છે. ભારતમાં રાજારામમોહન રાયથી શરૂ કરી ગાંધીજી અને ડૉ. બી. આર. આંબેડકર જેવા અનેક મહાનુભાવોએ સામાજિક સમાનતા માટે પ્રયત્નો કરેલા છે. શિક્ષણ એ સામાજિક સમાનતા માટે જાગૃતિ લાવનારું મોટું સાધન છે.

**(3) રાજકીય સમાનતા :** રાજ્યના નાગરિકોને જાહેર બાબતો કે જાહેર કાર્યોમાં તથા તેના નિર્ણય-ઘડતરમાં ભાગ લેવાની તકની સમાનતા એ રાજકીય સમાનતા છે. નાગરિકો વાણી અને લેખન-સ્વાતંત્ર્ય દ્વારા જાહેર બાબતો અંગે પોતાના વિચારો વ્યક્ત કરી શકે છે. તેઓ સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર દ્વારા મત આપવાની, ઉમેદવારી કરવાની, રાજ્યની નોકરીઓમાં સમાન લાયકાતને આધારે તકની સમાનતાનો હક ધરાવે છે. ત્યારે તે રાજકીય સમાનતાને મૂર્તિમંત કરે છે. આવી સમાનતા લોકશાહી વિશેષ આપી શકે છે. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે સ્વતંત્ર ભારતની લોકશાહી માટે કહેલું ''હવે બધા રાજા છે અને બધા પ્રજા છે.''

**(4) આર્થિક સમાનતા :** આર્થિક સમાનતાનો અર્થ એટલે પ્રત્યેક વ્યક્તિને તેની મૂળભૂત જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં સંતોષી શકે તેવી પરિસ્થિતિ કરી શકીએ. દેશના અર્થતંત્રમાં સામેલ થવાની અને તેના દ્વારા પર્યાપ્ત આર્થિક જીવનધોરણ પ્રાપ્ત કરવાનો સૌનો સરખો હક આર્થિક સમાનતાને વ્યક્ત કરે છે. આર્થિક સમાનતા સિદ્ધ કરવા, સંપત્તિનું કેન્દ્રીકરણ રોકવા રાજ્ય કાયદા ઘડે છે અને સામુદાયિક સંપત્તિનો ઉપયોગ સૌના ઉત્કર્ષ માટે થાય, તે બાબત ઉપર ભાર અપાય છે. પ્રોફેસર લાસ્કીના શબ્દોમાં જોઈએ તો, 'આર્થિક સમાનતા એટલે આવકની સમાનતા કે વર્તનની એકરૂપતા નહિ, આર્થિક સમાનતા આખરે તો અમુક હદ સુધી સમથળ કરવાની પ્રક્રિયા છે.' ભારતમાં ખેડે તેની જમીન, જમીન ટોચ મર્યાદાનો કાયદો અને શ્રમિકોને પૂરતા વેતનના કાયદા આર્થિક સમાનતા માટેના પ્રયત્નો છે.

**(5) કાનૂની સમાનતા :** કાનૂની સમાનતાની માંગ સામંતશાહી પ્રથાના અત્યાચારો સામે 18મી સદીમાં ઊઠી ને 'કાયદા સમક્ષની સમાનતા' અને 'કાયદાના સમાન રક્ષણની' વાત કરે છે. કાયદાની નજરે પૈસાદાર કે ગરીબ સૌ સમાન છે. કાયદાની સમાનતાનો અર્થ એ નથી કે બધા લોકો માટે સમાન કાયદા હોય, કાયદો બુદ્ધિયુક્તિ ભેદ પાડે છે. જેમકે રાજ્ય શ્રમિકો, ખેતમજૂરો, બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોના હિતને ધ્યાનમાં લઈને કાયદા ઘડી શકે છે.

કાયદાનું શાસન એ કાનૂની સમાનતાનો પાયો છે. કાનૂની સમાનતાને અદાલતમાંથી ન્યાય મેળવવાની સમાન તક સાથે અને અદાલતની તટસ્થતા સાથે પણ સંબંધ છે.

**(6) રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની સમાનતા :** આંતરરાષ્ટ્રીય કાયદાની નજરે વિશ્વનાં તમામ રાજ્યો સમાન છે. વ્યવહારમાં અમેરિકા વિશ્વની વિરાટ સત્તા છે. પરંતુ સંયુક્ત રાષ્ટ્રો (United Nations - U.N.- યુ.એન.)ના સભ્યપદ માટે સાર્વભૌમત્વની સમાનતાનો સ્વીકાર થયો છે. યુ.એન.ની મહાસભામાં પ્રત્યેક સભ્યરાષ્ટ્ર સમાન પ્રતિનિધિત્વ ધરાવે છે. પ્રત્યેક સભ્યરાજ્ય તેમાં એક જ મત આપી શકે છે.

**સમાનતા અને સ્વતંત્રતા વચ્ચેનો સંબંધ :**

સ્વતંત્રતા અને સમાનતાના સંબંધ અંગે અભ્યાસીઓમાં એક મત નથી. કેટલાક માને છે કે સ્વતંત્રતા અને સમાનતા એકબીજાના વિરોધી ખ્યાલ છે. જ્યારે બીજા કેટલાક માને છે કે સ્વતંત્રતા અને સમાનતા એકબીજાના પૂરક ખ્યાલો છે.

જે અભ્યાસીઓ સ્વતંત્રતા અને સમાનતાને પરસ્પર વિરોધી માને છે તેમના મતે સમાનતા માટે કેટલાંક નિયંત્રણો મૂકવા જરૂરી છે અને નિયંત્રણો સ્વતંત્રતાના ખ્યાલની વિરુદ્ધ છે. તેમના મતે મિલકતનો હક એ કુદરતી છે. તેના ઉપર નિયંત્રણો મૂકી શકાય નહિ. સમાનતા લાવવા રાજ્યની સત્તામાં વધારો કરવો પડે જે સ્વતંત્રતાની વિરોધી છે.

કેટલાક અભ્યાસીઓનું માનવું છે કે, સ્વતંત્રતા અને સમાનતા પરસ્પર વિરોધી નથી. તેમના મતે સમાનતા વિના વિશેષાધિકારો ઊભા થાય છે જે સ્વતંત્રતાના વિરોધી છે. તેઓ એમ પણ કહે છે કે આર્થિક જરૂરિયાતોના અભાવમાં રાજકીય સ્વતંત્રતાનો કોઈ અર્થ નથી.

આમ, સ્વતંત્રતા અને સમાનતા પરસ્પર પૂરક છે. વ્યક્તિત્વના વિકાસ માટે બંને જરૂરી છે. આમ છતાં સ્વતંત્રતાના ભોગે સમાનતા લાવવાનો પ્રયત્ન વ્યર્થ જાય છે. તે બાબત પૂર્વ સામ્યવાદી દેશોના અનુભવે પુરવાર કરી છે.

**સામાજિક ન્યાય**

ન્યાયની ભાવના માનવસમાજમાં પ્રાચીન સમયથી જોવા મળે છે. તેથી જ ન્યાય અંગેનું ચિંતન પણ વિશ્વના મોટા ભાગના દેશોમાં પ્રાચીન સમયથી થયેલું જણાય છે. સ્વતંત્ર ભારતના બંધારણના આમુખમાં 'સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય' નો આગ્રહ રખાયો છે. મૂળભૂત હકોમાં સમાનતાના હકને મહત્ત્વનું સ્થાન અપાયું છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ સામાજિક ન્યાયની સ્થાપના થાય તે માટેનો આગ્રહ છે. આ સંદર્ભમાં ન્યાયતંત્રે કેટલાક ચુકાદાઓ પણ આપ્યા છે.

ઉપરાંત ન્યાયના સિદ્ધાંતના આધુનિક ચિંતક જ્હૉન રૉલ્સ જેમણે રાજ્યના કાયદાથી સમાજના વંચિત વિભાગોની વધુ તરફેણને ન્યાય કહ્યો છે. એવી હકારાત્મક સમાનતા માટેની વિશેષ સંભાળની નીતિનો ભારતે સ્વીકાર કર્યો છે. સમાજના પાછળ રહી ગયેલા સમૂહો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે સ્થાનિક સરકારો, ધારાસભા અને સંસદમાં અનામત બેઠકો રખાઈ છે. છ થી ચૌદ વર્ષનાં બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ હવે મૂળભૂત હક તરીકે સ્વીકારાયો છે. સ્ત્રીઓને માત્ર સુરક્ષા જ નહિ તેને આત્મનિર્ભર બનાવવા પગલાં લેવાઈ રહ્યાં છે. 73માં અને 74માં બંધારણીય સુધારાઓ અનુક્રમે પંચાયતીરાજ અને શહેરી સ્થાનિક સરકારોમાં સ્ત્રીઓને 33 ટકા અનામત બેઠકો આપી છે. ગુજરાતમાં વર્ષ 2015થી આ સ્ત્રી અનામત બેઠકો 33 ટકાથી વધારી 50 ટકા કરાઈ છે.

સાચર સમિતિના અહેવાલમાં મુસ્લિમ અને ખ્રિસ્તી લઘુમતી લોકોમાં પણ પાછળ રહી ગયેલા લોકોના કલ્યાણ માટે વિશેષ કાળજી માટે ભલામણ થઈ છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં પંચાયતીરાજની 'સામાજિક ન્યાય સમિતિ' દલિતોને સામાજિક ન્યાય અપાવવા સક્રિય છે. દિલીપસિંહ ભૂરિયા સમિતિની ભલામણોના અમલ સાથે આદિવાસી સમૂહોના હિતોની સુરક્ષા માટે પંચાયતીરાજમાં સુધારા કરાયા છે.

આમ, ભારતમાં સામાજિક ન્યાય સમાજના જરૂરિયાતવાળા પ્રત્યેક લોકો સુધી પહોંચે તે માટે કાળજી લેવાઈ રહી છે. આમ છતાં આ ક્ષેત્રે હજુ ઘણું કરવાનું બાકી છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) સ્વતંત્રતા એટલે શું ? સ્વતંત્રતાના પ્રકારોની ચર્ચા કરો.

(2) સ્વતંત્રતા શા માટે જરૂરી છે તે સમજાવો અને સ્વતંત્રતાના સામાજિક તથા રાજકીય ખ્યાલની સમજૂતી આપો.

(3) સમાનતાનો અર્થ સમજાવી તેના પ્રકારોની ચર્ચા કરો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) સ્વતંત્રતાના પ્રકાર

(2) સ્વતંત્રતા અને કાયદા વચ્ચેનો સંબંધ

(3) સ્વતંત્રતાનું હકારાત્મક અને નકારાત્મક પાસું

(4) હકારાત્મક અને નકારાત્મક સમાનતા

(5) સમાનતા અને સ્વતંત્રતા વચ્ચેનો સંબંધ

**3. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) હકારાત્મક સ્વતંત્રતા કોને કહે છે ?

(2) નકારાત્મક સ્વતંત્રતા કોને કહે છે ?

(3) કુદરતી સ્વતંત્રતા કોને કહે છે ?

(4) નૈતિક સ્વતંત્રતા એટલે શું ?

(5) રાજકીય સ્વતંત્રતા કોને કહે છે ?

(6) આર્થિક સમાનતા એટલે શું ?

(7) રાજકીય સમાનતા કોને કહે છે ?

(8) કાનૂની સમાનતાનો તમે શું અર્થ કરો છો ?

(9) રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની સમાનતા એટલે શું ?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) સ્વતંત્રતાનાં કેટલાં પાસાં છે ? ☐

(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) છ

(2) સમાનતાનાં કેટલાં પાસાં છે ? ☐

(અ) ત્રણ (બ) પાંચ (ક) સાત (ડ) બે

(3) કઈ ક્રાંતિમાં સમાનતા ઉપર ભાર મુકાયેલો ? ☐

(અ) ઈરાનની ઈસ્લામિક ક્રાંતિ (બ) ફ્રેન્ચ ક્રાંતિ

(ક) અફઘાન ક્રાંતિ (ડ) આઈ એસ આઈ એસ (ISIS)

(4) ગુજરાતમાં કયા વર્ષે સ્થાનિક સરકારમાં સ્ત્રી અનામત બેઠકોને 33 ટકામાંથી 50 ટકા કરવામાં આવી ?

(અ) 2000 (બ) 2010 (ક) 2012 (ડ) 2015 ☐

(5) કાનૂની સમાનતાની માંગ કઈ પ્રથાના અત્યાચારો સામે ઉદ્‌ભવી ? ☐

(અ) સામંતશાહી પ્રથા (બ) ગુલામી પ્રથા

(ક) સતી પ્રથા (ડ) તાલીબાની પ્રથા

**પ્રવૃત્તિ**

- સ્વતંત્રતા અને સમાનતા અંગે ચર્ચાસભા ગોઠવો.

●